BUSINESS મિત્ર Plus

# ક્રુડઓઈલના કડાકાથી શેરબજારો-ડોલરમાં શાનદાર તેજી, બીટકોઈન-બુલિયન તૂટયા

બિરેન વકીલ

અમેરિકા-ઈરાન વચ્ચે વચગાળાના યુદ્ધવિરામ પછી ઈરાનને ૬૦ દિવસ માટે વિશ્વ બજારમાં ક્રુડ વેચવાનો માર્ગ મોકળો બનવાના આસાર, હોર્મુઝ બ્લોકેડ હટતા ઠીક ઠીક માત્રામાં ક્રુડઓઈલ રિલિઝ થઈ રહ્યું હોઈ હાલ પુરતી ક્રુડની તંગી ટળવાથી ભાવો તૂટયા છે. નાયમેક્સ ક્રુડ ૧૧૦ ડોલરથી તૂટીને ૭૦ ડોલર નીચે જતું રહ્યું છે. ઘરઆંગણે એમસીએક્સક્રુડ ૧૦૮૦૦થી ઘટીને ૬૬૦૦ થઈ ગયું છે. ક્રુડમાં ઝડપી ઘટાડાથી ભારતીય શેરબજાર તેમજ રૂપિયાને બહુ મોટી રાહત મળી છે. ચોમાસામાં અંદાજે બે વીક વિલંબ પછી ચોમાસુ સક્રિય થઈ મુંબઈ મહારાષ્ટ્ર પહોચ્યું એ પણ સારા સમાચાર છે. વેધર એજન્સીઓના સંકેતો મુજબ ૨૮ જૂનથી ૧૦ જૂલાઈ મહારાષ્ટ્ર-એમપી, દક્ષિણમાં ચોમાસુ સક્રિય થશે. ઓગષ્ટ-સપ્ટેમ્બરમાં અલ નીનો ઝડપથી વધવાની આગાહીઓ જોતા જૂલાઈ-ઓગષ્ટનો વરસાદ શેરબજાર-રૂપિયો તેમજ મોંઘવારીના સંદર્ભમાં ખૂબ નિર્ણાયક રહેશે. હાલમાં હોર્મુઝ અને ચોમાસા મામલે રાહત થઈ ગઈ છે. વોરનો તનાવ ઘટયા પછી બજાર હવે પીસ ડિવિડંડની તલાશમાં છે. વિશ્વ બજારમાં ડોલરમાં તેજીનું કમબેક, મેમરી-એઆઈ શેરોમાં વેગીલી તેજી, ક્રુડઓઇલમાં

## હોર્મુઝ અને અલ નીનો મોટા ટ્રિગર, એઆઈ-મેમરી શેરોમાં વેગીલી તેજી

કડાકો, વરસાદની આગમનથી નિફ્ટી તેમજ બેન્ક નિફ્ટીમાં મજબૂત સુધારો જોવાયો છે. હાલમાં બેન્કિંગ, ડિફેન્સ, એફએમસીજીમાં આકર્ષણ છે. આઈટી લાર્જ કેપમાં પણ કોન્ટ્રારિયન ઈન્વેસ્ટરો વેલ્યુ બાઈંગની શોધમાં છે. ચોમાસુ સારુ નીવડે તો ઈન્ફ્રા, ટ્રેકટર, ખાતર, ઓટો, કન્ઝયુમર ડયુરેબલ્સ વગેરે સેકટરમાં ગ્રામ્ય માંગ વધવાની આશાએ બ્રોડ બેઝ રિકવરી આવી શકે. હાલમાં બજાર ૨૨૫૦૦-૨૩૨૦૦ના મથાળે બોટમ આઉટ થઈ ગયું હોય એમ દેખાય છે. ટેકનીકલ રીલીફ રેલી ૨૪૪૦૦-૨૪૮૦૦ સુધી લંબાવાની પ્રબળ શકયતા છે.

વૈશ્વિક બજારોની વાત કરીએ તો કોરિયા-તાઈવાન બજારોમાં મેમરી-ચિપ્સ અને અમેરિકામાં સેમિકંડકટર કંપનીઓમાં માર્કેટ લીડર કંપનીઓમાં ધુંઆધાર તેજી છે. કોરિયામાં રિટેલ ટ્રેડર્સ માર્જિન ટ્રેડિંગમાં એકસટ્રીમ લિવરેજથી એકટીવ હોય તાજેતરમાં કોરીયાનો કોસ્પી ઈન્ડેકસ ઈન્ટ્રા ડે બે વાર ૮-૧૦ ટકા તૂટયો હતો.




તાઈવાન અને જાપાનમાં પણ મેમરી- સેમીકંડકટર ટેકનોલોજીની તેજી હવે મેનિયાના લક્ષણ બતાવે છે. ટેકનોલોજી બજારોમાં શાર્પ કરેકશન આવે તો ભારત અને અન્ય ઈમર્જિંગ બજારોમાં વિદેશી રોકાણનું આકર્ષણ વધે. એઆઈ સેકટરમાં હાઈપર સ્કેલર ડેબ્ટ બુમ અને જાયન્ટ કેશ બર્ન મોટા વાઈલ્ડકાર્ડ છે.

કરન્સી બજારોની વાત કરીએ તો ડોલરમાં તેજીના શાનદાર કમબેકથી સોનાચાંદી, બીટકોઈન જેવી રિસ્ક એસેટ તૂટી છે. સોનું ૬૦૦૦-૭૦૦૦ થવાની આગાહીઓ હાલ પુરતી પોકળ સાબિત થઈ છે. ડિ-ડોલરાઈઝેશન સ્ટોરી પણ હવાઈ ગઈ છે. ડોલર ૯૩-૯૪થી ઉછળીને ૧૦૧ થઈ ગયો છે. વૈક્લિપ કરન્સીમાં યુરો ૧.૨૧-૧.૨૨થી ઘટીને ૧.૧૪, પાઉન્ડ ૧.૩૮તી ઘટીને ૧.૩૧, યન ૧૪૪થી ઘને ૧૬૧ થઈ ગયા છે. એક સમયે ડોલરનો વિકલ્પ, વર્લ્ડ કરન્સી મનાતો બીટકોઈન ૧૨૫૦૦૦ના ટોપથી તૂટીને ૬૦૦૦૦ ડોલર નીચે જતો રહ્યો છે. લાખો પ્રાઈવેટ ટોકન- ઓલ્ટકોઈન વીલીન થઈ ગયા છે. ક્રિપ્ટો એસેટમાં અંદાજે બે ટ્રિલિયન ડોલરથી વધુ મૂડી ધોવાઈ ગઈ છે.

પરંપરાગત સેફ હેવન એસેટ એવા સોનાચાંદી પણ તૂટયા છે. ફેડના નવા ચેરમેન કેવિન વોર્શે કહ્યું છે કે ફેડ ફુગાવાને બે ટકાના લક્ષાંક પર લાવવા કટીબધ્ધ છે. ફેડ સતત પાંચ વરસના બે ટકા ફુગાવાનો લક્ષાંક મીસ કરી રહી છે. ફેડનું હોકીશ સ્ટાન્સ જોતા ૨૦૨૬ના સેકન્ડ હાફમાં રેટકટ તો ભૂલી જવાના રહે. એક- બે રેટહાઈક આવવાની શકયતા વધી જાય. જો ફેડ આક્રમક રેટહાઈક કરે તો સોનાચાંદીમાં વેચવાલીનું દબાણ વધી શકે. સોનામાં ભાવો ૨૫-૩૦ ટકા તૂટયા છે. ચાંદી ૪૦-૪૫ ટકા તૂટી છે. ચીનમાં સોનામાં રિટેલ ટ્રેડરો માર્જિન ટ્રેડિંગમાં વધુ પડતા એકટિવ થઈ ગયા હોઈ સિસ્ટમ પર કોઈ જોખમો ન આવે એ માટે ત્રણેક મોટી બેન્કોએ સોનામાં ફોરવર્ડ ટ્રેડ પર માર્જિન વધારીને ૧૨૦ ટકા કરી નાખ્યું છે. ૨૪ જૂલાઈ સુધીમાં તમામ ઓપન પોઝિશન સરખી કરવા કહ્યું છે. સોનામાં બેલગામ સટ્ટાખોરીથી રિટેલ વેલ્થનું ધોવાણ થતું હતું. લાંબા ગાળે દેશની મૂડી વિદેશમાં જતી રહેવાના ભયસ્થાન પણ હતા. ૨૦૨૦માં ક્રુડઓઈલમાં તેજીનો પરપોટો ફુટયો ત્યારે ચીન-રશિયા-એશિયાને ઓટીસી ફોરવર્ડ તેમજ વાયદાના ટ્રેડિંગમાં રિટેલ સેગમેન્ટને પારાવાર નુકસાન થયું હતું એવી ભૂલ રિપિટ ન થાય એ માટે સરકારો સજાગ છે. ઘરઆંગણે એમસીએક્સ સોનું ૧૮૩૦૦૦ના ટોપથી ઘટીને ૧૪૩૦૦૦ અને ચાંદી ૪.૨૧ લાખથી ઘટીને ૨.૨૦ લાખ થઈ ગઈ છે.

બેઝમેટલ્સમાં ધીમો ઘસારો છે. હોર્મુઝ બ્લોકેડ હટતા કામચલાઉ સપ્લાય સુધર્યો છે. ચીનમાં ઔદ્યોગિક સ્લોડાઉન છે. એનર્જી ટ્રાન્ઝિશન, ઈવી, સોલાર બુમ, ડિફેન્સ, એઆઈ સેકટરોમાં કોપર, ટીન, નિકલમાં લોંગ ટર્મ ફંડામેન્ટલ સારા છે. હાલ બજાર કરેકશન મોડમાં છે.

એનર્જી સેકટરમાં હોર્મુઝ ખૂલતા ક્રુડઓઈલમાં શાર્પ કરેકશન આવ્યું છે. ઈરાન ડીલ હજૂ પણ તકલાદી છે. યુક્રેને રશિયાને ૪૦ દિવસમાં વોર પુરી કરો એવું અલ્ટિમેટમ આપીને રશિયાની ઓઈલ રિફાઈનરીઓ પર હુમલા તેજ કર્યા છે. સરકારોનો સ્ટ્રેટેજિક રિઝર્વનો સ્ટોક અંદાજે ૪૦ વરસના તળીયે છે. રશિયા, ગાઝા, ઈરાન વોરમાં ઓઈલ અને ગેસ એસેટને નોંધપાત્ર- અંદાજે ૩૦-૩૫ ટકા એસેટને નુકાન પહોચ્યાનો કાચો અંદાજ છે. જો ઈરાન ડીલ ટકે નહી તો ક્રુડમાં નવેસરથી તેજી આવી શકે. હાલમાં હોર્મુઝ- અલ નીનો મોટા ટ્રિગર છે.

# વિશ્વનું બીજું સૌથી મોટું સોલાર માર્કેટ બનવા તરફ આગળ વધી રહેલું ભારત

૨૦૨૬માં ભારત વિશ્વનું બીજા ક્રમનું સૌથી મોટું સોલાર માર્કેટ બનવા તરફ અગ્રેસર છે. માર્ચ ૨૦૨૬માં ભારતની કુલ સ્થાપિત સોલાર ક્ષમતા ૧૫૦ GWને વટાવી જતાં, દેશ વૈશ્વિક સ્તરે સૌથી ઝડપથી વિકસતા સોલાર પાવર માર્કેટ્સમાંના એક તરીકે ઉભરી આવ્યો છે અને ૨૦૨૬માં તે વિશ્વનું બીજા નંબરનું સૌથી મોટું સોલાર માર્કેટ બનવા માટે તૈયાર છે.ટેક્નોલોજી અને એનાલિટિક્સ ફર્મ 'રૂબિક્સ ડેટા સાયન્સીસ'ના જણાવ્યા અનુસાર, ભારતે કુલ સ્થાપિત સોલાર ક્ષમતામાં વૈશ્વિક રેન્કિંગમાં સુધારો કર્યો છે, જે ૨૦૧૫માં ૯મા સ્થાનેથી વધીને ૨૦૨૫ સુધીમાં ત્રીજા સ્થાને પહોંચી ગયું છે. આ ક્ષેત્રે નજીકના ગાળામાં કેટલાક પડકારોનો સામનો કરવો પડ્યો છે, જેમ કે ભારતના સોલાર મોડ્યુલ માટેના સૌથી મોટા નિકાસ બજાર એવા અમેરિકા તરફથી ભારે ટેરિફ અવરોધ, ભારતની ઉત્પાદન ક્ષમતાની સરખામણીમાં ઓછી સ્થાનિક માંગ અને ફોટોવોલ્ટેઈક સેલની આયાત માટે ચીન પર વધતી નિર્ભરતા. આ પડકારો છતાં, રૂબિક્સ આ ક્ષેત્ર વિશે આશાવાદી છે.



બિન-અશ્મિભૂત ઇંધણ ક્ષમતાના ૫૦૦ GWના રાષ્ટ્રીય લક્ષ્યાંકને ટેકો આપવા માટે ૨૦૩૦ સુધીમાં ભારતની સોલાર ક્ષમતા લગભગ ૨૮૦-૩૦૦

**ઓફ-બીટ**

જીડબલ્યુ સુધી પહોંચવાની અપેક્ષા રાખવામાં આવે છે. નજીકના ગાળાના સ્પર્ધાત્મક દબાણો અને ઉદ્યોગના પુનર્ગઠન છતાં, ભારતનું સોલાર ક્ષેત્ર લાંબા ગાળાની વૃદ્ધિ માટે મજબૂત સ્થિતિમાં છે, જેને નીતિગત સાતત્ય, વધતી જતી સ્થાનિક માંગ, ઉત્પાદન વિસ્તરણ અને દેશની વ્યાપક સ્વચ્છ ઉર્જા સંક્રમણની મહત્વાકાંક્ષાઓ દ્વારા ટેકો મળી રહ્યો છે, તેમ રૂબિક્સે નોંધ્યું હતું.૨૦૦% અમેરિકી ડ્યુટી વચ્ચે ભારત નિકાસમાં વિવિધતા લાવશે. અમેરિકાનું બજાર, જે ભારતના સોલાર મોડ્યુલ નિકાસમાં લગભગ ૯૭% હિસ્સો ધરાવે છે, તે દેશે ભારતીય સોલાર આયાત પર ૧૨૩% એન્ટી-ડમ્પિંગ ડ્યુટી અને વધારાની ૧૨૫% કાઉન્ટરવેલિંગ ડ્યુટી લાદ્યા પછી પડકારજનક બન્યું છે, જેનાથી કુલ ટેરિફ બોજ ૨૦૦% ની ઉપર પહોંચી ગયો છે. ભારતની સોલાર મોડ્યુલ નિકાસ નાણાકીય વર્ષ ૨૪ માં $૧.૯૭ અબજની ટોચેથી ઘટીને નાણાકીય વર્ષ ૨૫ માં $૧.૧૨ અબજ થઈ ગઈ છે. એપ્રિલ ૨૦૨૫ થી ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન, નિકાસ $૧.૦૨ અબજ રહી હતી, જે ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીમાં લગભગ યથાવત છે. રૂબિક્સ અપેક્ષા રાખે છે કે ભારતીય સોલાર મોડ્યુલ નિકાસકારો આ આકરા ટેરિફનો સામનો કરવા માટે વિવિધતા લાવશે અને વૈકલ્પિક આંતરરાષ્ટ્રીય બજારો શોધશે. ALMM નો આગ્રહ અને બેકવર્ડ ઈન્ટીગ્રેશન ચીન પર ભારતની નિર્ભરતા ઘટાડશે. રૂબિક્સે નોંધ્યું છે કે સોલાર ઈન્સ્ટોલેશન અને મોડ્યુલ ઉત્પાદન ક્ષમતામાં તીવ્ર વધારાને કારણે આયાત ચાલુ રહી છે, ખાસ કરીને પીવી (PV) સેલ માટે, જે એપ્રિલ ૨૦૨૫-ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન વધીને $૨.૭૨ અબજ થઈ ગઈ છે.ભારતની સોલાર સપ્લાય ચેઈન પર ચીનનું વર્ચસ્વ યથાવત છે. નાણાકીય વર્ષ ૨૬ માં ભારતની સોલાર પીવી સેલ આયાતમાં ચીનનો હિસ્સો ૬૫% હતો, જો કે આ નાણાકીય વર્ષ ૨૫ ના ૮૩% થી ઓછો હતો. રૂબિક્સ અપેક્ષા રાખે છે કે બેકવર્ડ ઈન્ટીગ્રેશન અને સરકારના ALMM આદેશનું પાલન કરવાથી આયાત પરની નિર્ભરતા ઘટશે અને ભારતની સોલાર સપ્લાય ચેઈન મજબૂત થશે. સોલાર વેલ્યુ ચેઈનમાં એપ્રુવ્ડ લિસ્ટ ઓફ મોડલ્સ એન્ડ મેન્યુફેક્ચરર્સ (ALMM) ફ્રેમવર્ક હેઠળ, સરકાર સમર્થિત પ્રોજેક્ટ્સ માટે જૂન ૨૦૨૬ થી માત્ર ALMM-સૂચિબદ્ધ સોલાર

## ભારતે નાણાકીય વર્ષ ૨૬ માં વિક્રમી ૪૪.૬૧ GW સોલાર ક્ષમતા ઉમેરી, જે સરકારના ૩૪ GWના લક્ષ્યાંકને વટાવી ગઈ છે, તેમ છતાં હજી પણ કેટલાક નજીકના ગાળાના પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે

સેલનો ઉપયોગ કરવો જરૂરી રહેશે, જે સ્થાનિક સેલ ઉત્પાદનને પ્રોત્સાહિત કરશે અને આયાતી સેલ પર નિર્ભરતા ઘટાડશે, જે હજુ પણ મોટાભાગે ચીનમાંથી મેળવવામાં આવે છે. આ દિશામાં વધુ એક ડગલું આગળ વધીને, સરકારે ઈન્ગોટ્સ અને વેફર્સ માટે 'ALMM લિસ્ટ-III' રજૂ કર્યું છે, જે જૂન ૨૦૨૮ થી અમલી બનશે અને અપસ્ટ્રીમ ઘટકોને પણ સ્થાનિકીકરણના દાયરામાં લાવશે.

અદાણી ગ્રુપ, ટાટા પાવર રિન્યુએબલ એનર્જી, વારી એનર્જીસ, જેક્સન ગ્રુપ અને સોલેક્સ એનર્જી સહિતના અગ્રણી પ્લેયર્સ ઈન્ગોટ્સ, વેફર્સ, સેલ્સ અને મોડ્યુલ્સને આવરી લેતી સંકલિત સુવિધાઓમાં અબજો રૂપિયાનું રોકાણ કરી રહ્યા છે.સોલાર ઓવરકેપેસિટી ઉદ્યોગના એકત્રીકરણને વેગ આપશે. ભારતનો સોલાર મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગ એવા તબક્કામાં પ્રવેશી રહ્યો છે જ્યાં ક્ષમતાનો વિસ્તરણ માંગ કરતાં નોંધપાત્ર રીતે વધી ગયો છે, જેનાથી ઉદ્યોગના સઘનીકરણની સંભાવના વધી ગઈ છે.

ભારતે ૨૦૨૫ માં ૧૧૯(GW) સોલાર મોડ્યુલ ઉત્પાદન ક્ષમતા અને ૯ જીડબલ્યુ થી વધુ સેલ ક્ષમતા ઉમેરી, જેનાથી કુલ મોડ્યુલ ક્ષમતા લગભગ ૨૧૦ જીડબલ્યુ અને સેલ ક્ષમતા ૨૭ જીડબલ્યુ થઈ ગઈ છે. જો કે, સ્થાનિક માંગ વાર્ષિક માત્ર ૪૦-૪૫ જીડબલ્યુ હોવાનો અંદાજ છે, જે સમગ્ર ક્ષેત્રમાં નોંધપાત્ર ઓવરકેપેસિટી (વધારાની ક્ષમતા) ઉભી કરે છે. ઉત્પાદકો કિંમતોના દબાણ, ઓછા ક્ષમતા વપરાશ અને ઓપરેશનલ કાર્યક્ષમતામાં સુધારો કરવાની જરૂરિયાતનો સામનો કરી રહ્યા છે. સોલાર સેક્ટરે મજબૂત વિદેશી રોકાણ આકર્ષ્યું છે. ભારતના સોલાર ઉદ્યોગ પર રૂબિક્સનો આશાવાદ આ ક્ષેત્રમાં મજબૂત વિદેશી રોકાણો દ્વારા સમર્થિત છે. ૨૦૨૫માં સોલાર સેક્ટરમાં ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (FDI) આશરે $૨.૩૭ અબજ હતું, જે ભારતના કુલ એફડીઆઈ પ્રવાહના ૪% થી વધુ અને બિન-પરંપરાગત ઉર્જા ક્ષેત્રમાં એફડીઆઈના લગભગ ૭૬% હિસ્સો ધરાવે છે.કેટલાક મોટા રોકાણોએ આ ટ્રેન્ડને ટેકો આપ્યો હતો. બ્રિટિશ ઈન્ટરનેશનલ ઈન્વેસ્ટમેન્ટે રીન્યુના સોલાર મેન્યુફેક્ચરિંગ બિઝનેસમાં $૧૦૦ મિલિયનનું રોકાણ કર્યું હતું, જ્યારે યુએઈ સમર્થિત ક્લાઈમેટ ફંડ ALTRRA અને બ્રુકફિલ્ડ એસેટ મેનેજમેન્ટે ભારતમાં રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ માટે એવરેન એનર્જીને $૧૦૦ મિલિયન આપવાનું વચન આપ્યું હતું.

ભારતે નાણાકીય વર્ષ ૨૬ માં વિક્રમી ૪૪.૬૧ GW સોલાર ક્ષમતા ઉમેરી, જે સરકારના ૩૪ જીડબલ્યુ ના લક્ષ્યાંકને વટાવી ગઈ છે, તેમ છતાં હજી પણ કેટલાક નજીકના ગાળાના પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. જો કે, રૂબિક્સ માને છે કે કેટલાક નીતિગત પગલાં અને પીએલઆઈ યોજનાઓ ઉત્પાદન વૃદ્ધિના આગામી તબક્કાને ટેકો આપી રહી છે.સરકાર પીએમ સૂર્ય ઘરઃ મફત વીજળી યોજના જેવી યોજનાઓ સાથે સોલાર અપનાવવા પર ભાર આપી રહી છે, જેનો ઉદ્દેશ્ય માર્ચ ૨૦૨૭ સુધીમાં એક કરોડ ઘરોને રૂફટોપ સોલાર પાવર પૂરો પાડવાનો છે, અને પીએમ-કુસુમ (PM-KUSUM) યોજના, જે ખેડૂતોને સોલાર પાવર તરફ વળવા અને પૂરક આવક મેળવવા માટે પ્રોત્સાહિત કરે છે.કેન્દ્રીય બજેટે સોલાર કાર્યક્રમો માટેની ફાળવણીમાં નોંધપાત્ર વધારો કર્યો છે. પીએમ સૂર્ય ઘર માટેનું ભંડોળ નાણાકીય વર્ષ ૨૫ માં રૂ. ૭૮.૨ અબજથી વધીને નાણાકીય વર્ષ ૨૭ માં રૂ. ૨૨૦ અબજ થયું છે, જ્યારે પીએમ-કુસુમ માટેની ફાળવણી લગભગ બમણી થઈને રૂ. ૫૦ અબજ થઈ ગઈ છે.


# અલ નીનોની અસરથી દેશમાં વરસાદની ઘટ, ખેડૂતો માટે ચિંતાના વાદળ

દેશમાં ચાલુ વર્ષે સામાન્ય કરતાં લગભગ 43 ટકા ઓછો વરસાદ નોંધાયો હોવાના સંકેતો કૃષિ મંત્રાલય દ્વારા આપવામાં આવ્યા છે. જો આગામી સપ્તાહોમાં પણ વરસાદની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો નહીં થાય તો દેશના અનેક જિલ્લાઓમાં ખેતી પર ગંભીર અસર થવાની શક્યતા છે. અલ નીનોની અસરને કારણે ચોમાસું નબળું રહેવાની આશંકાએ ખેડૂતો, સરકાર અને અર્થશાસ્ત્રીઓમાં ચિંતા વધારી છે. ભારતીય કૃષિ મોટા પ્રમાણમાં ચોમાસા પર આધારિત છે. દેશમાં લાખો ખેડૂતો હજુ પણ વરસાદ આધારિત ખેતી કરે છે. વરસાદ સમયસર અને પૂરતા પ્રમાણમાં પડે તો વાવેતર, પાકનો વિકાસ અને ઉત્પાદન સકારાત્મક રહે છે, પરંતુ વરસાદમાં વિલંબ અથવા ઘટાડો સીધી અસર કૃષિ ઉત્પાદન પર કરે છે. પરિણામે ખેડૂતોની આવકમાં ઘટાડો થાય છે અને ગ્રામીણ અર્થવ્યવસ્થાની ગતિ ધીમી પડે છે.

અલ નીનો એક એવી વૈશ્વિક હવામાનિક ઘટના છે જે પ્રશાંત મહાસાગરના પાણીના તાપમાનમાં વધારાને કારણે સર્જાય છે. તેની અસર વિશ્વના અનેક દેશોના વરસાદના પેટર્ન પર પડે છે. ભારત માટે સામાન્ય રીતે અલ નીનોનો અર્થ નબળું ચોમાસું માનવામાં આવે છે. જોકે, દરેક વર્ષે તેની અસર સમાન હોય એવું નથી, પરંતુ અનેક વર્ષોના અનુભવ દર્શાવે છે કે અલ નીનો દરમિયાન વરસાદમાં ઘટાડો જોવા મળ્યો છે. જો વરસાદ ઓછો રહે તો તેની અસર માત્ર ખેડૂતો સુધી મર્યાદિત રહેતી નથી. કૃષિ ઉત્પાદન ઘટતાં અનાજ, કઠોળ, શાકભાજી અને અન્ય કૃષિ ઉત્પાદનોના ભાવમાં વધારો થઈ શકે છે. જેના કારણે ખાદ્ય મોંઘવારી વધવાની શક્યતા રહે છે. મોંઘવારી વધવાથી સામાન્ય ગ્રાહકોના ઘરખર્ચ પર ભાર વધે છે અને સમગ્ર અર્થતંત્ર પર તેની અસર અનુભવાય છે. ખેડૂતો માટે સૌથી મોટો પડકાર વાવેતર અને પાક બચાવવાનો રહેશે.

**કરન્ટ-ટોપિક**

પાણીની અછતને કારણે સિંચાઈ ખર્ચ વધશે અને વરસાદ આધારિત વિસ્તારોમાં પાક નિષ્ફળ જવાનો ભય રહેશે. ખાસ કરીને નાના અને સીમાંત ખેડૂતો માટે આ સ્થિતિ વધુ મુશ્કેલ બની શકે છે કારણ કે તેમની



પાસે વિકલ્પરૂપ સિંચાઈની સુવિધા મર્યાદિત હોય છે. નિષ્ણાતોનું માનવું છે કે આવી સ્થિતિમાં સરકાર દ્વારા

## અલ નીનોની અસરથી દેશમાં વરસાદ ઓછો પડવાની સંભાવના, કૃષિ અને અર્થતંત્ર સામે પડકાર

સમયસર રાહત પગલાં લેવાં જરૂરી બનશે. પાક વીમાના દાવાની ઝડપી પ્રક્રિયા, જરૂરિયાત મુજબ સહાય પેકેજ, સિંચાઈ માટે વધારાની વ્યવસ્થા અને પાણીના સંચાલન પર વિશેષ ધ્યાન આપવું પડશે. સાથે જ ખેડૂતોને ઓછા પાણીમાં સફળ થઈ શકે એવા પાકો અને આધુનિક ખેતી પદ્ધતિઓ અંગે માર્ગદર્શન આપવાની પણ જરૂર છે.

હવામાન વિભાગ દ્વારા સતત મોનિટરિંગ અને જિલ્લાવાર આગાહી ખેડૂતો સુધી ઝડપથી પહોંચાડવી પણ એટલી જ મહત્વપૂર્ણ છે. સમયસર મળતી માહિતીના આધારે ખેડૂતો વાવેતર, ખાતર અને સિંચાઈ અંગે યોગ્ય નિર્ણય લઈ શકે છે. ટેક્નોલોજી આધારિત હવામાન સેવાઓ અને ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ આ દિશામાં અસરકારક બની શકે છે. ભારતે ભૂતકાળમાં પણ અલ નીનોના પડકારોનો સામનો કર્યો છે. અનેક વખત નબળા ચોમાસા છતાં યોગ્ય આયોજન અને સરકારી હસ્તક્ષેપના કારણે નુકસાનને મર્યાદિત રાખવામાં સફળતા મળી છે. જોકે આ વર્ષે પણ પરિસ્થિતિ પર સતત નજર રાખીને સમયસર નિર્ણય લેવો અત્યંત જરૂરી બનશે.

જો આગામી અઠવાડિયામાં વરસાદની સ્થિતિમાં સુધારો થાય તો કૃષિ ક્ષેત્રને રાહત મળી શકે છે. પરંતુ જો વરસાદની અછત લાંબા સમય સુધી યથાવત રહે તો તેની અસર કૃષિ ઉત્પાદન, ગ્રામીણ રોજગારી, મોંઘવારી અને સમગ્ર અર્થવ્યવસ્થા પર સ્પષ્ટપણે જોવા મળી શકે છે. તેથી કેન્દ્ર અને રાજ્ય સરકારો, હવામાન વિભાગ તેમજ ખેડૂતો વચ્ચે સંકલિત આયોજન અને ઝડપી કાર્યવાહી સમયની સૌથી મોટી જરૂરિયાત બની છે.

# ઈરાન-અમેરિકાના તણાવની સાથે નબળું ચોમાસું શેરબજાર માટે આફતરૂપ બનશે

ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ વિરામની ડીલ થઈ છે અને મોટા ભાગના મુદ્દાઓમાં બંને દેશોની સહમતિ થઈ ચુકી છે, આમ છતાં આ સમજૂતી વચ્ચે નવા ખેલા થઈ રહ્યા છે. જેનાથી વૈશ્વિક બજારો અને અર્થતંત્રો ડામાડોળ થઈ રહ્યા છે. જોકે, હોર્મુઝની ખાડી ખુલી જવાના કારણે ક્રુડ ઓઈલના ભાવમાં કડાકો બોલાયો છે અને 70થી 75 ડોલર પ્રતિ બેરલ પહોંચી ગયો છે, જે નિષ્ણાતોના મતે આ સ્થિતિ ચાલુ રહેશે તો ક્રુડ ઓઈલના ભાવ 60 ડોલર પ્રતિ બેરલ પહોંચી જવાની સંભાવના દેખાડે છે. બીજી તરફ, હોર્મુઝની ખાડી ખોલી દેવાઈ છે, પણ જહાજો પાસેથી વસુલી કરવાના અને પોતાના નિયંત્રણ રાખવાની લડાઈ શરૂ થઈ ચુકી છે, જેથી આ યુદ્ધ નહીં પણ સંઘર્ષ લાંબો સમય સુધી ચાલવાની પુરેપુરી સંભાવના છે. જોકે, ફરીથી હોર્મુઝની ખાડી મુદ્દે અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થઈ ગયું છે.



ભારતીય અર્થતંત્ર માટે ક્રુડ ઓઈલના ઘટતા ભાવો ફાયદાકારક સાબિત બનશે. પરંતુ ભારતીય અર્થતંત્ર માટે ઈરાન-અમેરિકા યુદ્ધ મોટાપાયે શાંત થયું છે, જે સારી

## જુન મહિનો પુરો થવા આવી રહ્યો છે, ત્યારે 43 ટકા ઓછો વરસાદ કૃષિ જગત માટે ચિંતા ઉભી કરશે, કેબિનેટમાં ફેરફાર અને વિસ્તરણની સાથે નાણામંત્રી બદલાવાની જોરશોરથી ચાલી રહેલી ચર્ચા

બાબત છે, પણ અલ નીનોના કારણે નબળા ચોમાસાની અસર નડશે. જુન મહિનો પુરો થવા આવ્યો છે ત્યારે સરકારી આંકડા અનુસાર 43 ટકા જેટલા વરસાદની અછત જોવા મળી છે. પશ્ચિમ ભારતમાં વરસાદ ખેંચાતો જોવા મળી રહ્યો છે, જે દર્શાવે છે કે આ વખતે નબળું ચોમાસુ રહેશે, જેના લીધે કૃષિ જગતને મોટું નકશાન થવાની સંભાવના છે.

આ દરમ્યાન ભારત સરકાર દ્વારા વેપાર-નિકાસ વધારવાના માટેના પ્રયાસો કરી રહ્યા છે. ઘણા દેશો સાથે ટ્રેડ એગ્રીમેન્ટ કરવામાં આવી રહ્યા છે. અમેરિકા સાથે પણ ટ્રેડ ડીલ થવાની તૈયારી અંતિમ ચરણમાં છે, જોકે, આ લાંબા સમયથી કહેવાઈ રહ્યું છે, જે થાય ત્યારે માનવું.

ટ્રમ્પની ભારત મુલાકાત આવતા વર્ષે છે, ત્યારે ભારત સાથે આર્થિક વિકાસના પગલાની જાહેરાત કરવામાં આવે તેવું માનવામાં આવી રહ્યું છે. જેમાં અસાધારણ નિર્ણયો લેવામાં આવી શકે છે.

ભાજપ સરકારના કેબિનેટમાં ફેરફાર અને વિસ્તરણ થવાનો ગણગણાટ શરૂ થઈ ચુકયો છે. જેમાં નાણાંમંત્રી નિર્મલા સીતારમણને પણ બદલવામાં આવે તેવી સંભાવના દેખાઈ રહી છે.

આવનારી રાજ્યોની ચુંટણી અને પછીની લોકસભાની ચૂંટણીમાં જવંલત વિજય મેળવવા માટે ભાજપની કેન્દ્ર સરકાર અત્યારથી જ કમર કસી રહી છે. જેથી આ

**માર્કેટ વોચ**

કેબિનેટના વિસ્તરણ અને ફેરફારની રોકાણકારો રાહ જોઈ રહ્યા છે.

ભારતીય શેરબજારની વાત કરીએ તો વૈશ્વિક મોરચે યુદ્ધ બાદની સમજૂતિના પરિણામો, ચોમાસાની પ્રગતિ અને ઘરઆંગણે આર્થિક નીતિ મામલે ડેવલપમેન્ટ પર રોકાણકારોની નજર મંડરાયેલી છે. આગામી સપ્તાહમાં ભારતીય શેરબજારમાં નિફ્ટીની મંથલી એકસપાયરી છે, જેમાં મોટી વધઘટ જોવા મળી શકે છે. હજુય શેરબજારમાં તેજીનો પવન ફુંકાય તેવા કોઈ સમીકરણો દેખાતા નથી. જેથી બજાર અથડાતું જોવા મળી શકે છે.

જેમાં નિફ્ટી 23500થી 24300 પોઈન્ટની વચ્ચે ગોથાં ખાતું જોવા મળી શકે છે. જ્યારે સેન્સેક્સ 76000થી 77500 પોઈન્ટની વચ્ચે અથડાતું જોવા મળી શકે છે. જેથી રોકાણકારોએ દરેક ઉછાળે નફોબુક કરતા રહેવું જોઈએ. જ્યાં સુધી વૈશ્વિક અને ઘરેલું ચિત્ર સ્પષ્ટ ન થાય ત્યાં સુધી બજારમાં દરેક ઉછાળે પોતાનો નફો બુક કરવો હિતાવહ રહેશે. આ ઉપરાંત, આઈટી સેકટરમાં એઆઈનો હાઉ ચાલુ જ છે, જેથી હાલમાં આઈટી સેકટરમાં સાવચેતી રાખવી ખૂબ જ જરૂરી છે.

